# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org


જા.નં. મા-૨/૨૦૨૬/૬૬

તા.૦૫/૦૯/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર તથા સુરત ગ્રામ્ય વિસ્તારની

તમામ માધ્યમિક શાળાઓ,

સુરત.

**વિષય** : "સંસ્કૃત પ્રોત્સાહન યોજના (માધ્યમિક સ્તરે)" અંતર્ગત અનુદાન મેળવવા માટે અરજી કરવા બાબત.

**સંદર્ભ** : ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: ગુ.રા.સં.બો/મકમ/૨૦૨૬-૨૭/૮૮૩૧-૮૮૬૫ તા. ૦૩/૦૮/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન તથા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે રસ અને રુચિ કેળવવાના હેતુસર ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા "સંસ્કૃત પ્રોત્સાહન યોજના (માધ્યમિક સ્તરે)" અમલમાં મૂકવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી વિષય તરીકે સંસ્કૃત વિષય પસંદ કરનાર ૧૦૦% વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે પાત્ર શાળાઓને અનુદાન મળવાપાત્ર છે. પરિપત્ર મુજબ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ₹૨૫,૦૦૦/થી ૧,૦૦,૦૦૦/- સુધીનું અનુદાન મળવાપાત્ર છે.

આથી સુરત શહેર તથા સુરત ગ્રામ્ય વિસ્તારની તમામ માધ્યમિક શાળાઓ કે જેઓના ધોરણ-૧૦ માં ૧૦૦% વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરતાં હોય અને તેની સંખ્યા ૧૦૦ થી વધારે હોય તે શાળાના આચાર્યશ્રીએ આ પત્ર અન્વયે સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગતની દરખાસ્ત ફાઈલ નિયત નમૂનામાં તારીખ- ૦૧/૧૦/૨૦૨૬ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સુરત મા-૨ શાખામાં જમા કરાવવાની રહેશે.

**સંસ્કૃત પ્રોત્સાહન યોજનાની દરખાસ્ત ફાઈલમાં જોડાવાના જરૂરી ડોક્યુમેન્ટ:**

(૧) શાળાનો ફોરવર્ડીંગ લેટર,

(૨) પત્રક -અ (નમૂનો આ સાથે સામેલ છે.)

(૩) શાળા નોંધણી પ્રમાણપત્ર

(૪) યુંડાયસ કોડમાં નોંધાયેલ કુલ વિદ્યાર્થી સંખ્યા નો હાજર રીપોર્ટ (૧ સપ્ટેમ્બરની સ્થિતિએ.)

(૫) ધોરણ- ૧૦ નાં સંસ્કૃત વિષય રાખનાર વિદ્યાર્થીઓની યાદી (ક્રમ, પૂરું નામ, UID નંબર)

(૬) શાળાના કેન્સલ ચેકની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.- સુરત

બિડાણ:

સંદર્ભદર્શિત પત્ર

નકલ રવાના :

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર

**ગુજરાતરાજ્યસંસ્કૃતબોર્ડ**
**शिक्षणविभाग:, गुजरातसर्वकार:**
**Gujarat State Sanskrit Board**
**Education Department, Government of Gujarat**

ક્રમાંક: ગુ.રા.સં.બો/મકમ/૨૦૨૬-૨૭/૯૯૩૧- ૯૯૬૫ તા.૦૩/૦૯/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તમામ,
ગુજરાત રાજ્ય

**વિષય : "સંસ્કૃત પ્રોત્સાહન યોજના (માધ્યમિક સ્તરીય)" અંતર્ગત શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવા બાબત.**

**સંદર્ભ: (૧) ગુજરાત માં. અને ઉ.માં. શિક્ષણ બોર્ડ પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૯૩-૨૩૨૭ તા.૨૦/૦૬/૨૦૨૬**

**(૨) ગુજરાત માં. અને ઉ.માં. શિક્ષણ બોર્ડ પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૨૨૧-૨૨૫૬ તા.૨૦/૦૬/૨૦૨૬**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર-૧ અને ૨ અન્વયે વિનંતી કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત કલમ 4.17 મુજબ સંસ્કૃત ભાષા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા **"સંસ્કૃત પ્રોત્સાહન યોજના (માધ્યમિક સ્તરીય)"** અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનું અનાવરણ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે કરવામાં આવ્યું સદર સંસ્કૃત પ્રોત્સાહન યોજન માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે છે.

**યોજનાનો હેતુ:**

૧. વિદ્યાર્થીઓને માધ્યમિક કક્ષાએ સંસ્કૃત વિષય પસંદગી માટે પ્રોત્સાહન મળે.
૨. સંસ્કૃત પ્રચાર-પ્રસાર અર્થે શાળાને પ્રોત્સાહન મળે.
૩. સંસ્કૃત ભાષાના સંવર્ધન માટે આર્થિક સહાય મળે.
૪. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ સંસ્કૃતને પ્રાધાન્ય આપે.
૫. શિક્ષણ તથા વ્યાવસાયિક ક્ષેત્રે સંસ્કૃત વિષયના શિક્ષક બનવા માટે યુવાનોને પ્રોત્સાહન મળે.
૬. ભારતની આ પ્રાચીન ભાષાનું વિદ્યાલયોમાં અસ્તિત્વ ટકાવી શકાય.

**યોજનાનું અમલીકરણ :-**

જે શાળામાં SSC માં રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦ હોય અને તેમાં પણ વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત વિષય પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦% હોય તે શાળાને દર ૧૦૦ વિદ્યાર્થી દીઠ નીચે મુજબ અનુદાન મળવા પાત્ર રહેશે. **દા.ત** એક શાળામાં ધોરણ-૧૦માં નોંધાયેલ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૪ હોય અને ૧૦૪ વિદ્યાર્થીઓનો ધોરણ-૧૦નો એક વિષય સંસ્કૃત હોય તો ૧૦૦% વિદ્યાર્થીઓએ સંસ્કૃત રાખેલ છે તેમ નક્કી થાય આ ઉપરાંત પ્રથમ શરત મુજબ ૧૦૦ થી ૧૯૯ વિદ્યાર્થીને ૨૫,૦૦૦/- અનુદાન મળવાપાત્ર થાય પરંતુ ૯૯ વિદ્યાર્થીઓ હશે તો આ શાળાને અનુદાન મળવાપાત્ર રહેશે નહિ.

| ક્રમ | SSC માં રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા | વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્કૃત પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારી | મળવાપાત્ર અનુદાન |
|---|---|---|---|---|
| ૧ | ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૯૯ | ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૯૯ | ૧૦૦% | ₹ ૨૫૦૦૦/- |
| ૨ | ૨૦૦ થી ૨૯૯ | ૨૦૦ થી ૨૯૯ | ૧૦૦% | ₹ ૫૦૦૦૦/- |
| ૩ | ૩૦૦ થી ૩૯૯ | ૩૦૦ થી ૩૯૯ | ૧૦૦% | ₹ ૭૫૦૦૦/- |
| ૪ | ૪૦૦કે તેથી વધુ દરેકને | ૪૦૦કે તેથી વધુ દરેકને | ૧૦૦% | ₹ ૧૦૦૦૦૦/- |

શાળાને મળેલ ગ્રાન્ટનો સંસ્કૃત સંરક્ષણ અને સંવર્ધન હેતુ ઉપયોગ કરવા માટે બોર્ડની વેબસાઈટ પર માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે આ સાથે બિડાણમાં પણ સામેલ છે. જે મુજબ ખર્ચ કરવાનો રહેશે. તેમજ સંબંધિત શાળાના આચાર્યશ્રી અને વિષય શિક્ષકને વિશેષરૂપે સન્માનિત કરવામાં આવશે સદર યોજનાના અમલીકરણ માટે સંબંધિત માધ્યમિક શાળાઓ પાસેથી અરજી સામેલ પત્રક-અ મુજબ જિલ્લાકક્ષાએથી બોર્ડ ને મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત અરજીઓની ખરાઈ જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કરવાની રહેશે. જે સમિતિના સભ્યો નીચે મુજબ રહેશે.

| ક્રમ | મૂળ હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| (૧) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | અધ્યક્ષ |
| (૨) | નોડલ | ઉપાધ્યક્ષ |
| (3) | SVS કન્વીનર | સભ્ય |
| (૪) | EI (EI જો સંસ્કૃત નોડલ હોય તો અન્ય EI અથવા સરકારી માધ્યમિક શાળાના આચાર્ય સભ્ય તરીકે રહેશે.) | સભ્ય |
| (૫) | સંચાલકમંડળનો પ્રતિનિધિ. | સભ્ય |

ઉપરોક્ત સમિતિમાંથી ઓછામાં ઓછા ત્રણ સભ્યો બેઠકમાં હાજર હોવા અનિવાર્ય છે. જેની કાર્યવાહી નોંધ બોર્ડને મોકલવાની રહેશે. ઉપરોક્ત સભ્યો દ્વારા ખરાઈ કરેલી અરજીઓ એક્સેલશીટ બનાવી તેમાં નીચે મુજબની માહિતી આપી ગ્રાન્ટની માંગણી સમિતિના અધ્યક્ષ દ્વારા કરવાની રહેશે. ડોક્યુંમેન્ટના આધારે શાળામાં જરૂર જણાયે રૂબરૂ ખરાઈ કરાવવાની રહેશે. એક્સેલશીટ નો નમૂનો નીચે મુજબ છે.

| ક્રમ | શાળાનું નામ | ગામ | તાલુકો | જીલ્લો | SSC ઇન્ડેક્ષ નંબર | ધોરણ-૧૦ની કુલ રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્કૃત વિષય રાખેલ વિદ્યાર્થીઓની સંખ્યા | સંસ્કૃત વિષય રાખેલ વિદ્યાર્થીઓની ટકાવારી | મળવાપાત્ર અનુદાનની રકમ (પત્રિકા મુજબ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | કુલ રકમ | | |

- જિલ્લામાંથી આ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આખરી નિર્ણય જિલ્લા સમિતિનો રહેશે.

**ખાસ નોંધ:- ઉક્ત યોજના ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત દરેક માધ્યમિકશાળા (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળા) ને લાગુ પડશે.**

**ઉપરોક્ત વિગતો તા.૧૨/૧૦/૨૦૨૬ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત અસલ અરજી પત્રકો સાથે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અસલ સહી સિક્કાઓ સાથેના પત્રકો હાર્ડ કોપીમાં ફોરવર્ડીંગ લેટર સાથે સદર બોર્ડને મોકલવાના રહેશે.**

**નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી પરત્વે**

**બિડાણ:**

**(૧) પત્રક-અ**

**(૨) શાળાઓને મળેલ પ્રોત્સાહન યોજના (માધ્યમિક) અન્વયે નું અનુદાન વપરાશ અંગે માર્ગદર્શક સૂચનાઓ.**

(ડૉ. સંદીપ ભટ્ટ)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

- માનનીય અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી,માનનીય અધ્યક્ષશ્રીનું કાર્યાલય,સદર કચેરી

પત્રક-અ

## ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર

### સંસ્કૃત પ્રોત્સાહન યોજના માટેનું અરજી પત્રક

| ક્રમ | અરજીની વિગત | | અરજી સાથે જોડવાના આધાર |
|---|---|---|---|
| **૧** | **શાળાની વિગત** | | |
| ૧.૧ | જિલ્લાનું નામ | | |
| ૧.૨ | તાલુકાનું નામ | | |
| ૧.૩ | શાળાનું નામ અને સરનામું | | |
| ૧.૪ | શાળાનો પ્રકાર (સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર) | | |
| ૧.૫ | શાળા યુડાયસ કોડ | | |
| ૧.૬ | શાળાના ઈન્ડેક્ષ નંબર | | શાળાનું નોંધણી પ્રમાણ પત્ર |
| ૧.૭ | શાળામાં SSCમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા | | યુડાયસ કોડમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓનો હાજર રીપોર્ટ તારીખ ૦૧, સપ્ટેમ્બર ની સ્થિતિએ |
| ૧.૮ | ૧.૭ પૈકી વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃત પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા | | |
| **૨** | **સંસ્કૃત વિષયના શિક્ષકની વિગતો (સંસ્કૃતના તમામ શિક્ષકોની વિગત આપવી)** | | |
| ૨.૧ | સંસ્કૃત વિષય શિક્ષક નું નામ | | |
| ૨.૨ | શાળામાં જોડાયા તારીખ | | |
| ૨.૩ | સંપર્ક નંબર | | |
| **૩** | **શાળાના આચાર્યશ્રીની વિગત** | | |
| ૩.૧ | આચાર્યશ્રીનું નામ | | |
| ૩.૨ | શાળામાં જોડાયા તારીખ | | |
| ૩.૩ | સંપર્ક નંબર | | |
| **૪** | **શાળાના બેંક એકાઉન્ટ અંગેની વિગત** | | કેન્સલ ચેકની નકલ |
| ૪.૧ | બેંકનું નામ | | |
| ૪.૨ | ખાતા ધારકનું નામ | | |
| ૪.૩ | બેંક એકાઉન્ટ નંબર | | |
| ૪.૪ | IFSC નંબર | | |

**૫. આચાર્યશ્રીએ આપવાનું પ્રમાણ પત્ર:-**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અમારી ઉપરોકત શાળામાં ધોરણ ૧૦માં રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા......................છે. જેમાંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા......................છે. જે મેં જાતે ખરાઈ કરી છે.

તારીખ:-

સ્થળ:-

આચાર્યશ્રીની સહી.

**૬. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપવાનું પ્રમાણ પત્ર:-**

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે.............જિલ્લામાં સમાવિષ્ટ કુલ .............સરકારી માધ્યમિક શાળાઓ પૈકી.............શાળાઓમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ માંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 100% છે. તેમજ જિલ્લામાં સમાવિષ્ટ કુલ .............અનુદાનિત માધ્યમિક શાળાઓ પૈકી.............શાળાઓમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ માંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 100% છે. જિલ્લામાં સમાવિષ્ટ કુલ............સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ પૈકી.............શાળાઓમાં નોંધાયેલા કુલ વિદ્યાર્થીઓ માંથી સંસ્કૃત વિષય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા 100% છે. ઉપરોકત વિગતો મેં જાતે ખરાઈ કરેલ છે.

તારીખ:-

સ્થળ:-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી.

ગુજરાતરાજ્યસંસ્કૃતબોર્ડ
શિક્ષણવિભાગ:, ગુજરાતસર્વકાર:
Gujarat State Sanskrit Board
Education Department, Government of Gujarat

ક્રમાંક:ગુ.રા.સં.બો/અયજ/૨૦૨૬/૯૯૩૧-૯૯૬૫ તા.૦૩/૦૯/૨૦૨૬

**શાળાઓને મળેલ પ્રોત્સાહન યોજના(માધ્યમિક) અન્વયે નું અનુદાન વપરાશ અંગે માર્ગદર્શક સૂચનાઓ.**

દરેક શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ અનુદાન પ્રાપ્ત થયા છે. તેઓએ વર્ષ ૨૦૨૬-૨૭માં આ અનુદાનનો ઉપયોગ સંસ્કૃત પ્રચાર-પ્રસાર અને સંવર્ધન તેમજ ગૌરવ રક્ષણ માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ તથા વર્ષ ૨૦૨૬-૨૭માં મૂકવામાં આવનાર યોજનાઓ સંલગ્ન પ્રવૃત્તિઓ અને કાર્યોની સિદ્દિધ અર્થે આ યોજના દ્વારા મળેલ અનુદાન નો ઉપયોગ કરી શકાશે. આ ઉપરાંત શાળા કક્ષાએ નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાશે.

૧. શાળાની દીવાલ પર સંસ્કૃતના સુભાષિતો અથવા સુવિચારનું લેખન કરાવવું.

૨. સંસ્કૃત ભાષાનો વિકાસ અને પ્રચાર-પ્રસાર થાય તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી તેને આનુસંગિક તમામ ખર્ચે જેવા કે, નિર્ણાયકોને પ્રમાણપત્ર,ભાગ લેનારને પ્રમાણપત્ર તથા પુરસ્કાર સ્વરૂપ સંસ્કૃતના પુસ્તકો આપવા.

૩. સંસ્કૃતના વિદ્યાર્થીઓને સંસ્કૃત સંભાષણ માટે પ્રેરિત પ્રોત્સાહિત કરવા માટે સંભાષણ વર્ગ ગોઠવવા તેમજ તે વર્ગમાં વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવું તથા તેમના પ્રતિભાવો અને કાર્ય ક્ષમતાને વધારવા માટે ઓડિયો રેકોર્ડિંગ શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં એક દિવસ સંસ્કૃતભાષામાં સંચાલન થાય તે માટે કાર્યક્રમ ગોઠવવા.

૪. સંસ્કૃત સાહિત્ય સંબંધિત સંભાષણ સંદેશ,નવરૂપકમ,સંસ્કૃત છંદ:પરિમલ કાલિદાસના સથવારે,સંસ્કૃત વદતુ,સંસ્કૃતવ્યવહારસાહસી, ક્રીડાવલ્લી,વ્યાવહારીકકોશ:,ગુજરાતનું સંસ્કૃતક્ષેત્રે પ્રદાન જેવા પુસ્તકોની ખરીદી કરવી તથા તેનું વાર્ષિક લવાજમ ભરવો.

૫. શાળામાં સંસ્કૃતના તજજ્ઞોને બોલાવી તેમના વિશેષ વ્યાખ્યાનનુ આયોજન કરવું.

૬. સંસ્કૃત સપ્તાહ ની ઉજવણી સંદર્ભના પરિપત્ર અનુસાર શાળામાં વિવિધ દિવસની માર્ગદર્શિકા પ્રમાણે ઉજવણી કરીને તેનો ફોટોગ્રાફ સાથેનો અહેવાલ સંસ્કૃત બોર્ડ ગાંધીનગર ને મોકલવો.

**નોંધ:** શાળાકીય ગ્રાન્ટ વપરાશ પ્રવૃત્તિઓમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ(શિક્ષણ વિભાગ,ગુજરાત સરકાર)ના લોગો અને નામનો ઉલ્લેખ કરવો.

(ડૉ. સંદીપ ભટ્ટ)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર